ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

જિલ્લામાં ૫૦૦થી વધુ સ્થાનો પર ચૂંટણી જંગનું જાહેરનામુ પ્રસિદ્ધ થયુ

જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ એસ.એસ.ટી. અને વી.વી.ટી. સહિતની ટીમો પણ કામે લાગી : તંત્ર ચૂંટણી વિષયક કામગીરી અંગે નાના-નાના ગ્રૂપ બનાવી તાલિમો આપશે : ઓછુ મતદાન થતા મતદાન વિભાગોમાં સઘન જન જાગૃત્તિ અભિયાન યોજાશે : મતદાર જાગૃત્તિ અભિયાનની અધિક કલેક્ટરે સમીક્ષા કરી

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની પાંચ બેઠકોની સામાન્ય ચૂંટણી અંગે આજે જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થયો છે. જો કે આજે પ્રથમ દિવસે એક પણ ઉમેદવારી પત્ર ભરાયુ નથી.

જિલ્લામાં ૫૦૦થી વધુ સ્થાનો પર આ જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યુ છે. જિલ્લામાં આજે જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ સ્ટેટીક સર્વેલન્સની ટીમો સહિતની ટીમો કાર્યરત થઈ ગઈ છે.

સ્ટેટીક સર્વેલન્સની ૨૪ જેટલી ટીમોએ આજથી તેની કામગીરીનો આરંભ કરી દીધો છે અને ૨૪૭ જેટલા વાહનોની ચકાસણી સાંજે ૬ વાગ્યા સુધીમાં કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં વિધાનસભાની પાંચ બેઠકો પર ચૂંટણીતંત્રનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. બીજી તરફ પક્ષો પણ તેના ઉમેદવારોની રાહ જોઈ રહ્યા છે. જો કે પક્ષના આગેવાનો દ્વારા સંપર્ક યાત્રાઓ અને વિવિધ સમૂહોની બેઠકો યોજવામાં આવી રહી છે.

જિલ્લામાં ચૂંટણીનો માહોલ હજુ ધીમી ગતિએ ચાલી રહ્યો છે જો કે ૧૨મી પછી તેમાં વધારો થશે તેમ રાજકીય પંડિતો માની રહ્યા છે.

બીજી તરફ તંત્રએ પણ ચૂંટણીની કામગીરીને લઈ વિવિધ તાલિમોના આયોજનોને આખરી ઓપ આપી દીધો છે. મળતી વિગતો પ્રમાણે આ વખતે નાના-નાના ગૃપો બનાવી અને કર્મયોગીઓને તેમની ફરજો અંગે તાલિમ આપવામાં આવશે.

જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ગાંધીનગર (ઉ) અને ગાંધીનગર (દ) બેઠકના ઉમેદવારોના ફોર્મ સ્વીકારવામાં આવશે. દહેગામ બેઠક માટે દહેગામ ખાતે તેમજ માણસા બેઠક માટે માણસા ખાતે તેમજ કલોલ બેઠક માટે કલોલમાં ફોર્મ સ્વીકારાશે. આથી ગાંધીનગર કલેક્ટર કચેરીએ કાર્યકરોની ભીડ થોડીક ઓછી થશે.

તંત્ર દ્વારા વિડીયો વ્યુઈંગ ટીમ તેમજ એફ.એસ.સી. સહિતની ટીમો પણ આજથી કાર્યરત કરી દેવામાં આવી છે.

જિલ્લામાં આચારસંહિતા ભંગની સી-વીજીસ એપ દ્વારા અત્યાર સુધીમાં તંત્રને ૧૧ જેટલી ફરિયાદો મળી છે જે તમામ ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો છે. ગાંધીનગર (ઉ) બેઠક માટે પાંચ જેટલી ફરિયાદો મળી છે.

પંચે આ વખતે ફરિયાદ માટે સીવીજીસ એપ બનાવી છે અને તેનો નિકાલ ૧૦૦ મિનિટમાં કરવાનો હોય છે.

પંચ દ્વારા પહેલીવાર ખર્ચની દૃષ્ટિએ સંવેદનશીલ બેઠકો પણ ઓળખી કાઢી છે. જિલ્લામાં બે

● અનુસંધાન પાન-૭ પર

ભાજપની યાદીમાં દહેગામ બેઠકનો સમાવેશ

ચાર બેઠકો પર હજુ પાર્લામેન્ટરી બોર્ડે નિર્ણય કર્યો નથી : ગાંધીનગર (દ) બેઠક પર અલ્પેશ ઠાકોરની પસંદગીની વાતોને લઈ વિરોધ વંટોળ ઉઠ્યો

ગાંધીનગર, તા. ૧૦

ભારતીય જનતા પક્ષે આજે જિલ્લાની પાંચ બેઠકો પૈકી એક બેઠકના ઉમેદવારના નામની જાહેરાત કરી છે. જો કે ચાર બેઠકોના નામ બાકી રહ્યા છે.

ગાંધીનગર જિલ્લાની દહેગામ બેઠક માટે ભાજપે તેના વર્તમાન ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણની પસંદગી કરી છે. આજે તેમના નામની જાહેરાત થતાં જ ભાજપના કાર્યકર્તાઓએ દહેગામના કાર્યાલય ખાતે તેની ઉજવણી કરી હતી.

ગાંધીનગર (દ) બેઠક માટે અલ્પેશ ઠાકોરનું નામ હોવાની વાતો બહાર આવતા જ આ વિસ્તારના ભાજપના કાર્યકર્તાઓની એક બેઠક ચિલોડા નજીક મળી હતી અને તેમના નામનો વિરોધ વ્યક્ત કરી સ્થાનિકને ટિકિટ આપવામાં આવે તેવી લાગણી કાર્યકરોએ વ્યક્ત કરી હતી. ગઈકાલ મોડી સાંજથી જ અલ્પેશ ઠાકોરના નામનો વિરોધ કરતા સોશ્યલ મિડિયામાં મેસેજો ફરતા થયા હતા તો આજે ક્યાંક વિરોધ માટેના બેનરો પણ જોવા મળ્યા હતા.

માણસા, કલોલ અને ગાંધીનગર (ઉ)ની બેઠક પરના નામો જાણવા માટે આજે કેટલાક આગેવાનો તેમના સમર્થકો સાથે કમલમ્ પણ દોડી ગયા હતા અને જે પ્રદેશ આગેવાન મળે તેને મળી રજુઆત કરતા જોવા મળ્યા હતા.

જો કે પક્ષના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ગાંધીનગરની ચારેય બેઠકો માટે ૧૨મી નવેમ્બર પછી જ નિર્ણય લેવામાં આવી શકે છે. અત્યારે પ્રથમ તબક્કાની ચૂંટણીના ઉમેદવારીપત્રો ભરાઈ જાય તે અગ્રતા છે.

જિલ્લાની પાંચ બેઠકોમાં ૪ બેઠકો પર સસ્પેન્શ

ભાજપ-કોંગ્રેસે એક-એક ઉમેદવાર તો આમ આદમી પાર્ટીએ ત્રણ બેઠકો પર ઉમેદવાર જાહેર કર્યા

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લાની વિધાનસભાની પાંચ બેઠકો માટે આમ આદમી પાર્ટીએ ૩ ઉમેદવારોના તો ભાજપે એક ઉમેદવારના નામની જાહેરાત કરી છે. કોંગ્રેસે આ અંગે એક બેઠક પર નામની જાહેરાત કરી છે. ગાંધીનગર જિલ્લામાં આમ આદમી પાર્ટીએ ગાંધીનગર (ઉ) માટે મુકેશ પટેલ, દહેગામ માટે સુહાગ પંચાલ તેમજ ગાંધીનગર (દ) બેઠક માટે દોલતભાઈ પટેલના નામની જાહેરાત કરી છે.

ભાજપ-કોંગ્રેસે એક-એક બેઠકના ઉમેદવાર જાહેર કર્યા છે જ્યારે ૪ બેઠકો અંગે હજુ બન્ને પક્ષોમાં મંથન ચાલી રહ્યાની વાતો ચર્ચાઈ રહી છે.

ભાજપે આજે દહેગામ બેઠક માટે વર્તમાન ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણની પસંદગી કરી છે. તો કોંગ્રેસે ગાંધીનગર (દ) બેઠક માટે ડૉ. હિમાંશુ પટેલના નામની જાહેરાત કરી છે.

જો કે આજથી ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે પરંતુ કોઈએ ફોર્મ ભર્યુ નથી. જિલ્લાની પાંચેય બેઠકો પર ૧૪મીથી ફોર્મ ભરવાની પ્રક્રિયા થશે તેમ મનાઈ રહ્યુ છે.

સંભવિત ઉમેદવારો દ્વારા હાલ ઉમેદવારીપત્ર ભરવા માટેના જરૂરી દસ્તાવેજો તૈયાર કરવામાં આવી રહ્યા છે. જિલ્લામાં હજુ બધાજ આગેવાનો જાહેર પ્રચાર અભિયાનમાં વધુ વ્યસ્ત છે.

જિલ્લામાં આ વેળાએ પણ દરેક બેઠકો પર બહુકોણીય જંગ લડાશે તેમ મનાઈ રહ્યુ છે.

પંચે મુક્ત પ્રતિકો ૧૯૭ જાહેર કર્યા જેમાં રોજબરોજ ઉપયોગમાં લેવાતી વસ્તુઓનો સમાવેશ

ગાંધીનગર, તા. ૧૦

વિધાનસભાની સામાન્ય ચૂંટણી માટે ચૂંટણી પંચે ૧૯૭ મુક્ત પ્રતિકો જાહેર કર્યા છે. આ મુક્ત પ્રતિકોમાં રસોડામાં રોજ ઉપયોગમાં લેવાતી વસ્તુઓ સહિતની ચીજવસ્તુઓ જાહેર કરી છે.

વિધાનસભામાં અપક્ષ ઉમેદવારો દ્વારા આ મુક્ત પ્રતિકોની પસંદગી થતી હોય છે. ઉમેદવાર દ્વારા આ પ્રતિકની પસંદગી માટે સામાન્યતઃ ત્રણ વિકલ્પ રજુ થતા હોય છે તે પૈકી કોઈ એકની ફાળવણી ઉમેદવારોની યાદી જાહેર કરતાં પહેલાં થતી હોય છે.

પંચે જે મુક્ત પ્રતિકોની યાદી જાહેર કરી છે તેમાં બ્રેડ, બે કપ, બ્રેડટોસ્ટર, મરચુ, દ્રાક્ષ, ગેસ સીલીન્ડર, ગેસ સ્ટવ, કપ રકાબી, ડોલ, ડોરબેલ, ડોર હેન્ડલ, ફોક, ગેસ સિલીન્ડર, પ્લેટ સ્ટેન્ડ, સેફ્ટીપીન, સ્કૂલબેગ, સાબુની ડીશ, ટુથબ્રશ, સોફા, ટૂથપેસ્ટ, ટ્રે, વોલેટ, બારી, કુવો, ડસ્ટબીન, ટોફી, ચીપીયો, સીટી, વાંસળી, ફૂટબોલ, ગિફ્ટ પેક, પેન સ્ટેન્ડ, પેટ્રોલપંપ, રેઝર, રીંગ, રૂમ કુલર, રૂમ હીટર, રબ્બર સ્ટેમ્પ, લીલવાનો સંચો, સિતાર, સ્લેટ, કોમ્પ્યુટર, કોમ્પ્યુટર માઉસ, કવર, બંગડી, અલમારી, એરકંડીશન, બેબી વોકર, બલુન, બેટ, બેટ્સમેન, સાયકલ પંપ, કારપેટ, કેરમ બોર્ડ, પેન્સીલ બોક્સ, શટર, સ્ટમ્પ, ટી.વી. રિમોટ, સોફા, ટોર્ચ, બેલ્ટ જેવા ચિહ્નોનો સમાવેશ થાય છે.

પંચ દ્વારા જાહેર કરાયેલ મુક્ત પ્રતિકો ચૂંટણી અધિકારીની કચેરી બહાર લગાવવામાં આવ્યા છે.

પંચ દ્વારા જે મુક્ત પ્રતિકો જાહેર કરાયા છે તેમાં લાકડી, ટાઈપરાઈટર, ત્રિકોણ, ટેલિફોન, ટેન્ટ, વેક્યુમ ક્લીનર, વાયોલીન, નાગરિક, લેટર બોક્સ, ડ્રીલ મશીન, ડંબેલ્સ, રબ્બર સ્ટેમ્પ, સ્કુલબેગ, કેલક્યુલેટર, ફૂટ ભરેલી બાસ્કેટ, બિસ્કીટ, બ્લેક બોર્ડ, બ્રીક્સ, સીસીટીવી કેમેરા, ચેઈન, દળવાની ઘંટી, આદણી-વેલણ, ચંપલ, કલર ટ્રે વીથ બ્રશ, ડીઝલ પંપ, ડીશ એન્ટેના, ડોલી, આદુ, હારમોનિયમનો પણ સમાવેશ થાય છે.

@-ઈલેક્શન

- ભાજપની પ્રથમ યાદીમાં ૧૬૦ નામોની યાદી જાહેર કરાઈ. જેમાં ૧૪ મહિલાઓ, ૪ પીએચડી અને ૪ ડોક્ટર્સનો સમાવેશ થાય છે.
- મહુવા, રાજકોટ દક્ષિણ, જૂનાગઢ અને માંડવી બેઠક પર અસંતોષની આગના અહેવાલો.
- ૩૮ ધારાસભ્યોની ટીકીટો કપાઈ અને આઠે સ્વૈચ્છિક ના પાડતાં કુલ ૪૬ નવા ચહેરા મેદાનમાં ઉતારાયા. હવે માત્ર ૨૨ ઉમેદવારોની જાહેરાત બાકી છે.
- બે જ દિવસમાં કોંગ્રેસના ૪ ધારાસભ્યો ભાજપમાં જોડાતાં કોંગ્રેસમાં ભારે નિરાશાનું મોજું.
- હજુ ચોવીસ કલાક પહેલાં ભાજપમાં જોડાયેલા મોહનસિંહ રાઠવાના પુત્ર રાજેન્દ્રસિંહ રાઠવા અને તલાલાના ભગાભાઈ બારડને ટીકીટ અપાઈ.
- પેટલાદના નિરંજનભાઈ પટેલ અને જાલોદના ભાવેશ કટારાએ કોંગ્રેસમાંથી રાજીનામું આપી કેસરીયો ધારણ કર્યો છે.
- કચ્છમાં મહંત દેવનાથબાપુએ ભાજપમાંથી રાજીનામું આપ્યું.
- જાણીતા ક્રિકેટર રવિન્દ્ર જાડેજાના પત્ની રીવાબા જાડેજા ઉમેદવાર બનતાં ક્રિકેટ જગતમાં ભારે ચર્ચા.
- સૌરાષ્ટ્રમાં એક પણ બેઠક ના મળતાં સમગ્ર ચુંવાળીયા કોળી સમાજ નારાજ થયો.
- આમ આદમી પાર્ટીએ વધુ ૧૦ ઉમેદવારોની જાહેરાત કરી
- રાજ્યસભાના સભ્ય અને આપના નેતા રાઘવ ચડ્ઢાએ સુરતમાં જાહેર સભા સંબોધી.
- ભાજપની ટીકીટોની ફાળવણીમાં જ્ઞાતિ સમીકરણોનું ખુબ જ ધ્યાન રખાયુ છે. ૧૬૦માંથી ૩૯ પાટીદાર, ૧૪ ક્ષત્રિય અને ૯ બ્રાહ્મણ સમાજને ટીકીટ અપાઈ.
- ક્રિકેટર રવિન્દ્ર જાડેજા ભાજપનો ચૂંટણી પ્રચાર કરશે.
- ભાજપની યાદી જાહેર થયા બાદ કચ્છ અને મહુવામાં ભારે અસંતોષ.
- વર્તમાન મંત્રીમંડળના પાંચ મંત્રીઓ અને આઠ પૂર્વ મંત્રીઓ ચૂંટણીની બહાર.
- વિધાનસભાના વર્તમાન અધ્યક્ષ નીમાબેન આચાર્યની ટીકીટ કપાઈ જ્યારે પૂર્વ અધ્યક્ષ રમણલાલ વોરાને ટીકીટ મળી.
- જાણીતા કલાકાર હીતુ કનોડીયાની ટીકીટ કપાઈ જ્યારે ગુજરાતી તખ્તાના યુવા કલાકાર અનિકેત ઠાકરને ટીકીટ અપાઈ.
- અમદાવાદ અને રાજકોટના બંને પૂર્વ ડે. મેયરને ટીકીટ મળી.
- કોંગ્રેસની યાદી મોડીરાત સુધીમાં જાહેર થવાની સંભાવના.
- કોંગ્રેસના પ્રમુખ જગદીશ ઠાકોર સહિત તમામ પ્રદેશ નેતાઓને ચૂંટણીના મેદાનમાં ઉતારાશે.
- ગાંધીનગર દક્ષિણમાં ભાજપના અલ્પેશ ઠાકોરનું નામ ચર્ચામાં આવતા વિરોધ વંટોળ શરૂ થયો.

નૂતન વર્ષાભિનંદન



ગોપાલસિંહજી રાઠોડ

એન. જી. પ્રોજેક્ટ

ઓફીસ - એન.જી. હાઉસ, પોલો ગ્રાઉન્ડ, હિંમતનગર, જી. સાબરકાંઠા.

મો. ૯૯૦૯૯ ૮૨૯૦૧

ખેડૂત-વેપારી ભાઈઓને નૂતન વર્ષાભિનંદન

૨૦૭૯ના નવા વર્ષના નવલા પ્રભાતે ખેડૂતભાઈઓ તથા વેપારી ભાઈઓને ઉન્નતીના શીખરે પહોંચવાની ભાવના સાથે નૂતન વર્ષાભિનંદન

સમિતિના ખેડ તસીયા રોડ ઉપર આવેલ મુખ્ય માર્કેટયાર્ડમાં નિયંત્રીત ખેત પેદાશો અનાજ, કઠોળ, તેલીબીયાના ખરીદ-વેચાણની કામગીરી ચાલુ છે. દરેક ખેડૂતભાઈઓએ તેમની ખેત-પેદાશ અત્રે યાર્ડમાં લાવી ખુલ્લી હરરાજી દ્વારા વેચાણ કરી ઉંચા ભાવો ઉપજાવવા વિનંતી. મુખ્ય યાર્ડમાં શાકભાજી-ફળફળાદીના ખરીદવેચાણની કામગીરી ચાલુ છે. જેથી શાકભાજી ઉત્કાફકોએ તેમની ખેત પેદાશ માર્કેટયાર્ડમાં વેચાણ સારૂ લાવવા વિનંતી.

બજાર સમિતિએ મુખ્યયાર્ડના કેન્ટીન ભોજનાલય ચાલુ કરેલ છે. આ ભોજનાલયમાં રૂ. ૫૦/- (પચાસ રૂપિયા)માં અનલિમિટેડ ભોજન મળે છે. દરેક ખેડૂતભાઈઓએ આ સવલતનો લાભ લેવા વિનંતી.

સમિતિએ નેશનલ હાઈવે નં.૮, ઉપર હિંમતનગર સહકારીજીની બાજુમાં અદ્યતન સુવિધાઓ ધરાવતા કોટન માર્કેટયાર્ડમાં હરાજીનું કામકાજ શરૂ થઈ ગયેલ છે. તો દરેક ખેડૂતભાઈઓએ કપાસ કોટન માર્કેટયાર્ડ, હિંમતનગરમાં વેચાણ સારૂ લાવવા આગ્રહભરી વિનંતી છે.

પ્રધાનમંત્રીશ્રીના પાયલોટ પ્રોજેક્ટ હેઠળ ઈ-નેશનલ એગ્રીકલ્ચર માર્કેટ માટે બજાર સમિતિ હિંમતનગરની પસંદગી થયેલ હોઈ દરેક ખેડૂત તથા વેપારી ભાઈઓએ જરૂરી દસ્તાવેજ પુરા પાડી રજીસ્ટ્રેશન કરાવવા વિનંતી.

બોર્ડ ઓફ ડીરેક્ટર્સ

૧. શ્રી જેઠાભાઈ પી. પટેલ	- ચેરમેનશ્રી	૨. શ્રી રાજેશકુમાર કે. પંચાલ	- વા.ચેરમેનશ્રી
૩. શ્રી મુકેશભાઈ આર. પટેલ	- સભ્યશ્રી	૪. શ્રી ભરતભાઈ ડી. પટેલ	- સભ્યશ્રી
૫. શ્રી પ્રવિણકુમાર આર. પટેલ	- સભ્યશ્રી	૬. શ્રી જયેશભાઈ એમ. પટેલ	- સભ્યશ્રી
૭. શ્રી રાજેન્દ્રકુમાર આર. પટેલ	- સભ્યશ્રી	૮. શ્રી સુજીતકુમાર ડી. પટેલ	- સભ્યશ્રી
૯. શ્રી સુધીરકુમાર એ. પટેલ	- સભ્યશ્રી	૧૦. શ્રી અહમદભાઈ એન. ઢાપા	- સભ્યશ્રી
૧૧. શ્રી મુકેશભાઈ આર. પટેલ	- સભ્યશ્રી	૧૨. શ્રી સંજયકુમાર બી. પટેલ	- સભ્યશ્રી
૧૩. શ્રી બાબુભાઈ જી. પટેલ	- સભ્યશ્રી	૧૪. શ્રી નારાયણદાસ જે. પટેલ	- સભ્યશ્રી
૧૫. શ્રી મો. ઈલીયાસ જી. ઝાંખવાલા	- સભ્યશ્રી	૧૬. શ્રી કાન્તીભાઈ કે. પટેલ	- સભ્યશ્રી
૧૭. શ્રી જીગ્નેશભાઈ ડી. પટેલ	- સભ્યશ્રી	૧૮. શ્રી મે. જીલ્લા રજીસ્ટ્રાર સાહબ સહકારી મંડળીઓ, હિંમતનગર	- સભ્યશ્રી
૧૯. શ્રી મે. જીલ્લા ખેતીવાડી અધિકારી સાહેબ સાબરકાંઠા જીલ્લા પંચાયત, હિંમતનગર	- સભ્યશ્રી		

મણીભાઈ કે. પટેલ (સેક્રેટરી) — રાજેશકુમાર કે. પંચાલ (વા. ચેરમેન) — જેઠાભાઈ પી. પટેલ (ચેરમેન)

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, હિંમતનગર

હિંમતનગર નગરપાલિકા

આઝાદી का અમૃત મહોત્સવ

આવો આપણે સૌ સાથી મળી સંવત ૨૦૭૯ના વર્ષમાં સંકલ્પ કરી નગરજનોના સહયોગથી હિંમતનગર શહેરને ગુજરાતી 'બ' વર્ગની નગરપાલિકાઓમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત થયેલ છે તે સ્થાન જાળવી રાખીએ અને હાલના ચાલતા 'સ્વચ્છતા કે દો રંગ હર ગીલા સુખા નીલા' કાર્યક્રમ અંતર્ગત ભીનો કચરો લીલા ડસ્ટબીનમાં તથા સુકો કચરો વાદળી ડસ્ટબીનમાં અલગ કરી નગરપાલિકાના વાહનમાં આપીએ.

'શહેરના સૌ નગરજનોને નૂતન વર્ષાભિનંદન'

Gujarat State Petronet Limited

Corporate Identity Number : L40200GJ1998SGC035188
Regd Office : GSPC Bhavan, Sector-11, Gandhinagar-382 010 Tel: +91-79-66701001 Fax: +91-79-23236477
Website: www.gujpetronet.com Email: investors.gspl@gspc.in

EXTRACT OF STATEMENT OF STANDALONE AND CONSOLIDATED UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND HALF YEAR ENDED 30TH SEP 2022

(Rs. in Lakhs)

Sr. No	Particulars	Standalone Results			Consolidated Results		
		Quarter ended 30.09.2022 (Unaudited)	Half Year ended 30.09.2022 (Unaudited)	Quarter ended 30.09.2021 (Unaudited)	Quarter ended 30.09.2022 (Unaudited)	Half Year ended 30.09.2022 (Unaudited)	Quarter ended 30.09.2021 (Unaudited)
1	Total Income from Operations(net)	53,838.10	1,02,412.99	67,895.42	4,46,779.02	10,15,925.36	4,18,180.87
2	Net Profit/(Loss) for the period (before Tax and Exceptional items)	38,767.90	70,253.76	41,330.14	83,315.14	1,65,647.92	65,753.80
3	Net Profit/(Loss) for the period before tax (after Exceptional items and Share of profit/(loss) of joint venture and associates accounted for using the equity method (net of tax))	38,767.90	70,253.76	41,330.14	83,273.49	1,68,805.35	67,980.65
4	Net Profit/(Loss) for the period after tax and Exceptional items before discontinued operations	31,421.51	54,968.56	33,038.54	62,140.57	1,26,957.18	51,259.67
5	Net Profit/(Loss) for the period after tax from Discontinued Operations	-	-	(269.70)	-	-	-
6	Net Profit/(Loss) for the period after tax from Continuing and Discontinued Operations	31,421.51	54,968.56	32,768.84	62,140.57	1,26,957.18	51,259.67
7	Total Comprehensive Income for the period [Comprising Profit/(Loss) for the period after tax and Other Comprehensive Income (after tax)]	31,256.25	54,905.49	32,633.49	62,010.78	1,27,164.05	51,339.48
8	Equity Share Capital (face value of Rs. 10/- each)	56,421.14	56,421.14	56,421.14	56,421.14	56,421.14	56,421.14
9	Reserves (excluding Revaluation Reserve as shown in Balance Sheet)	-	-	-	-	-	-
10	Earnings per share (EPS) for the Period from Continuing and Discontinued Operations						
	a) Basic EPS (Rs.)	5.57	9.74	5.81	7.73	16.11	7.06
	b) Diluted EPS (Rs.)	5.57	9.74	5.81	7.73	16.11	7.06
	(face value of Rs.10/- each) (not annualised for the quarter and half year)						

Notes: 1. The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the Stock Exchange websites (www.nseindia.com and www.bseindia.com) and Company's website (www.gujpetronet.com) **2.** The above results were reviewed by the Audit Committee and approved by the Board of Directors of the Company in its meeting held on 10th November, 2022. **3.** The above results are in accordance with the Indian Accounting Standards(Ind-AS) as prescribed under Section 133 of the Companies Act, 2013, read with the relevant rules issued thereunder and other accounting principles generally accepted in India. Accordingly, previous period's figures have been reclassified/regrouped/restated, wherever necessary.

For and on behalf of Gujarat State Petronet Limited
Pankaj Kumar, IAS
Chairman and Managing Director

Place: Gandhinagar
Date: 10th November, 2022

જાહેર ચેતવણી

આથી અમો નીચે સહી કરનાર પ્રકાશ ટી. રાવલ, એડવોકેટ તે અમારા અસીલશ્રી ઝાકીર હુસેન મનસુરી રહે, હાલ-૫૦૪, શ્રી શ્યામ પ્રસાદ મુખર્જી નગર, સત્કાર હોટલ સામે, કુડાસણ, ગાંધીનગરના તે આ જાહેર ચેતવણી આપી જણાવીએ છીએ કે, અમારા અસીલશ્રીના પુત્ર જે નામે આસીફ ઝાકીરભાઈ મનસુરી, ઉંમર-૨૭ વર્ષ, રહેવાસી : શ્રી શ્યામા પ્રસાદ મુખરજી નગર, કુડાસણ, ગાંધીનગર છેલ્લા ઘણા સમયથી અમારા અસીલશ્રીના કહ્યામાં નથી. તેમજ તેઓએ અમારા અસીલશ્રીના ઘરનો સ્વેચ્છાએ ત્યાગ કર્યો છે. તેઓ હાલમાં અમારી સાથે રહેતા નથી. બેજવાબદારી અને સ્વતંત્ર જીવન પસાર કરે છે જેથી તેની સાથે હવે અમારા અસલશ્રીને કોઈ સંબંધ નથી. તેમજ અમારા અસીલશ્રીએ તેમના પુત્રને સ્વઉપાર્જિત તથા વડીલોપાર્જિત સ્થાવર તથા જંગમ મિલકતમાંથી બેદખલ કરેલ છે. તેની સાથે કોઈપણ જાતના નાણાકીય કે અન્ય વ્યવહાર કરવા નહિ અને જો કોઈપણ જાતના વ્યવહાર કરશે તો તેની જવાબાદારી અમારા અસીલશ્રીની રહેશે નહી જેથી આ જાહેર ચેતવણી આપી અમો જાણ કરીએ છીએ જેની જાહેર જનતા તથા સગા સંબંધીઓએ નોંધ લેવી.

તા. ૯/૧૧/૨૦૨૨ — અમારી મારફતે
ગાંધીનગર — સહી/-
સહી/- — પ્રકાશ રાવલ
લી. ઝાકીર હુસેન મનસુરી — એડવોકેટ

ઓફીસ : બી/૫, વિજય શોપીંગ સેન્ટર, ગ્રાઉન્ડ ફ્લોર, ગાંધીનગર.
મો. ૯૯૨૪૯ ૩૬૦૮૪

નૂતન વર્ષાભિનંદન

સર્વોદય બેંક... સર્વની બેંક... સર્વોત્તમ બેંક

સર્વોદય નાગરિક સહકારી બેંક લિ.

પોલો ગ્રાઉન્ડ, હિંમતનગર.
ફોન નં. ૨૪૨૬૯૦, ૨૪૬૨૪૪

સર્વોદય બેંક પરિવાર

વેપારી ભાઈઓ, સહકારી સંસ્થાના આગેવાનો, સભાસદો અને ગ્રાહક મિત્રોને નવા વર્ષની શુભકામના પાઠવે છે.

ચેરમેન — એ. કદાર એ. હરસોલીયા
સી.ઈ.ઓ. — અલ્તાફ એમ. સાબુગર
એમ.ડી. — મકબુલહુસેન એ ડોઈ

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તેમજ સ્ટાફ પરિવાર

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com